# દેરોલ ચેકપોસ્ટ પાસેથી લક્ઝુરિયસ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા રાજસ્થાનના બે શખ્સો ઝડપાયા

**દારૂની બોટલ નંગ- ૨૭ કિં રૂ ૨૫૨૬૦/-, મોબાઇલ નંગ-૨ કિં રૂ. ૫૫૦૦/- તથા હુંડાઇ ગાડી કિં રૂ. ૨૦૦૦૦૦/- મળી કુલ ૨,૩૦,૭૬૦/-નો મુદ્દામાલ કબજે કર્યો**

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા. ૧૦ હિંમતનગર ગ્રામ્ય પોલીસે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે હિંમતનગર - વિજાપુર હાઈવે પરના દેરોલ ચેકપોસ્ટ પાસેથી લક્ઝરી ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા રાજસ્થાનના બે શખ્સોની. ગાડી કોર્ડન કરી ધરપકડ કરી ૨,૩૦,૭૬૦/-નો મુદ્દામાલ કબજે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે અને ચૂંટણી અંતર્ગત આચાર સંહિતા લાગુ હોવાથી સાબરકાંઠા જિલ્લા પોલીસ વિદેશી દારૂની હેરાફેરીની આશંકા ને લઈને વધુ સતર્કતા સાથે સઘન પેટ્રોલિંગ કરી રહી છે ત્યારે હિંમતનગર - વિજાપુર હાઈવે પરના દેરોલ ચેકપોસ્ટ પાસે પેટ્રોલિંગ દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે , રાજસ્થાન તરફથી એક હુંડાઈ ગાડી જી.જે.૦૧.એચ.કયુ.૬૦૭૧ વિજાપુર રોડ થઈને ગાંધીનગર તરફ જનાર છે અને તેના આગળના ભાગમાં ગુપ્ત ખાવાનું બનાવી વિદેશી દારૂની બોટલ સંતાડેલ છે જે બાતમીના આધારે હિંમતનગર ગ્રામ્ય પોલીસે વોચ ગોઠવી બાતમી મુજબ ની કાર આવતા કોર્ડન કરી તેની પકડી લીધી હતી જેની તપાસ હાથ ધરતા ગાડીના આગળના ભાગના ખાનામાં તથા મ્યુઝિક ટેપ ના



અંદરના ભાગે જોતા વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ - ૨૭ મળી આવતાં રાજસ્થાનના બંને શખ્સોની ધરપકડ કરી વિદેશી દારૂ મોબાઈલ નંબર બે તથા ગાડીની કિંમત મળી કુલ રૂપિયા ૨,૩૦,૭૬૦/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

દારૂની હેરાફેરી દરમિયાન ઝડપાયેલા આરોપીઓ :

(૧) દુર્ભયસિસ દોલતસિંહ સિસોદિયા ઉં.વ - ૩૦ રહે છાપર થોરી તાલુકો - સરાડા થાના - જાવદ પોલીસ સ્ટેશન જી - ઉદેપુર (રાજસ્થાન)

(૨) મનોહરસિહ કાળુસિંહ સિસોદિયા ઉ.વ. ૩૨ રહે છાપર થોરી તાલુકો - સરાડા થાના - જાવદ પોલીસ સ્ટેશન જી - ઉદેપુર (રાજસ્થાન)

શાળામાં વિદ્યાર્થીઓનો કલરવ

# જિલ્લામાં એસ.ટી. પાસ મેળવવા વિદ્યાર્થીઓનો ધસારો

**કોરોનાનું સંક્રમણ ધ્યાને રાખી શાળાઓમાં એસ.ટી. પાસ મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦ જિલ્લાના શૈક્ષણિક સંકુલોમાં ધો.૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ કાર્ય શરૂ થયું છે. ગત સોમવારથી કોલેજો શરૂ થઈ છે ત્યારે શૈક્ષણિક સંકુલો વિદ્યાર્થીઓના કલરવથી ગુંજવાની સાથે બસ મથકો ઉપર એસ.ટી. પાસ મેળવવા વિદ્યાર્થીઓનો ધસારા જોવા મળ્યો છે. કોરોનાનું સંક્રમણ છે આ સંજોગોમાં વિદ્યાર્થીઓનું આરોગ્ય ન જોખમાય તે માટે એસ.ટી. વિભાગ દ્વારા જે તે શૈક્ષણિક સંકુલમાં એસ.ટી. પાસ વિદ્યાર્થીઓ મેળવી શકે તે પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની અનેક વાલીઓએ માંગ કરી છે. પાસ કઢાવવા સમયે જિલ્લામાં ઈન્ટરનેટના ધાંધિયા અને ધીમી સ્પીડના કારણે વિદ્યાર્થીઓને લાંબા સમય ઉભા રહેવાની ફરજ પડે છે.

સરકાર દ્વારા વિદ્યાર્થીઓને રાહત દરના વિદ્યાર્થી પાસની સુવિધા આપવામાં આવે છે. જેમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓને ફોર્મ ઉપર આચાર્યના સહીસિક્કા કરી આપ્યા પછી એસ.ટી. વિભાગ દ્વારા પાસનો લાભ આપવામાં આવતો હોય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના તમામ શૈક્ષણિક સંકુલોમાં ધો. ૯ થી ૧૨ના વર્ગો અને તમામ કોલેજોમાં શિક્ષણ કાર્ય શરૂ થતાં એસ.ટી. બસમાં પ્રથમ વખત કોરોના પછી હાઉસ્ફુલ મુસાફરો જોવા મળે છે. વિદ્યાર્થીઓને અભ્યાસ



માટે કન્સેશનથી પાસ કાઢી આપવામાં આવે છે. હવે કોરોનાનું સંક્રમણ ઘટ્યું છે એટલે નિયમિત સ્કુલો ચાલુ રહેશે તેવું જણાતાં વિદ્યાર્થીઓ પાસ માટે બસ મથકોએ કતારમાં આવી રહ્યા છે. પરંતુ વિદ્યાર્થીઓના વિશાળ આરોગ્ય હીતને ધ્યાને રાખી વિભાગે એસ.ટી. પાસ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવી જોઈએ.

**ચૂંટણી સમયે તો ધીરજ રાખો**

# જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને હોમલર્નિંગ કાર્યક્રમ હેઠળ શેરી શાળાના આયોજન માટે આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦ શિક્ષણ વિભાગ પ્રા.શાળાના શિક્ષકોને નવરાશ ન રહેવી જોઈએ તેવા તુક્કા શોધવામાં માહેર છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૧ હજાર પ્રા.શિક્ષકોને પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીના આદેશ પ્રમાણે હોમલર્નિંગ કાર્યક્રમ હેઠળ શેરી શાળાના આયોજન માટે આદેશ વછૂટ્યા છે. શાળાઓમાં શિક્ષકોની ૧૦૦ ટકા હાજરીના પરીપત્ર પછી શિક્ષકોને જે તે વિસ્તારમાં વિદ્યાર્થીઓ વચ્ચે જવાના આદેશ યોગ્ય હશે પરંતુ પહેલાં પ્રા.શિક્ષકોને કોરોનાથી બચવાની સલામતી કીટ આપો, કોરોનાનો ચેપ લાગશે તો જવાબદાર કોણ..?? તેવો આક્રોશ કેટલાક પ્રા.શિક્ષકોએ જાહેરમાં વ્યક્ત કર્યો છે.

ધો.૯ થી ૧૨ અને કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ કર્યું તેમ સાહસ કરીને વિભાગે ધો.૧ થી ૮માં શિક્ષણ કાર્ય શરૂ કરવું જોઈએ કારણ કે શાળાઓમાં શિક્ષકોની ૧૦૦ ટકા હાજરી કર્યા પછી શિક્ષક શાળામાં વિદ્યાર્થીઓ વગર બીજી કામગીરી પણ શું કરે..?? છેલ્લા ૧૦ મહિનાથી પ્રાથમિક શાળાઓમાં કોરોનાના કારણે વિદ્યાર્થીઓ શાળામાં આવી શક્યા નથી જેના કારણે અનેક પ્રા.શિક્ષકો પોતાના પ્રિય વિદ્યાર્થીને ન જોઈ શકતાં વ્યાકુળ બન્યા છે. હોમલર્નિંગ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને જોયા પરંતુ જે તે શાળામાં શિક્ષણ આપી શકાય તે હોમલર્નિંગ કાર્યક્રમ હેઠળ બાળકોના ઘરે જઈને શિક્ષણ આપવામાં આવે તો પણ તેનું સારૂ પરિણામ મળતું નથી. પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા

**પહેલાં કોરોનાથી બચવાની સલામતી કીટ આપો, કોરોનાનો ચેપ લાગશે તો જવાબદાર કોણ**

પ્રાથમિક શિક્ષકો અને મુખ્ય શિક્ષકની હાજરી ૧૦૦ ટકા રાખવાનો આદેશ થયા પછી વિદ્યાર્થીઓને કોઈપણ સંજોગોમાં શાળામાં બોલાવવાના નથી તેવી સૂચના આપી દેવામાં આવી છે. પરંતુ શાળામાં હાજર રહી શિક્ષકોએ સ્કુલ એક્રીડેશન, શેરી શિક્ષણનું મૂલ્યાંકન, એકમ કસોટીની ચકાસણી કરી તેની ડેટા એન્ટ્રી જેવી શિક્ષણલક્ષી કામગીરી કરવા જણાવવામાં આવ્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૪૯૨ સરકારી પ્રા.શાળાના શિક્ષકોને ધો.૧ થી ૫ ધરાવતી શાળાના મુખ્ય શિક્ષકને શેરી શાળા અંતર્ગત વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યનું આયોજન જે તે ધોરણ વાઈઝ ૧૧-૦૦ થી ૨-૦૦ સુધી કરવાની સૂચના આપવામાં આવી છે. ધો.૧ થી ૫ ધરાવતી શાળાના મુખ્ય શિક્ષકોએ ધોરણવાઈઝ પ્રિય વિદ્યાર્થી તારવી ઓછામાં ઓછા ૫ વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક કાર્યનું દોઢ કલાક સુધી શેરી શાળાનું આયોજન કરવાની સૂચના આપવામાં આવી છે. તે જ રીતે ધો.૬, ૭, ૮ ના વિષય શિક્ષકોને પણ નિયત કરાયેલા સમય મુજબ શેરી શાળામાં શૈક્ષણિક કામગીરી કરવાની સૂચના આપવામાં આવી છે. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર દ્વારા દરેક મુખ્ય શિક્ષકો અને શિક્ષકોને આદેશ તો આપ્યા પરંતુ કોરોના સામે તેમને સુરક્ષિત કરવા માટે જરૂરી સાધન સામગ્રી આપવામાં આવે તે જરૂરી છે. કારણ કે ભલે સરકારી દફતરે કોરોના ગાયબ હોય પરંતુ આજે પણ અનેક વિસ્તારોમાં કોરોના શંકાસ્પદ અને પોઝિટિવ કેસ જોવા મળી રહ્યા છે.

# રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા રામ મંદિર નિર્માણમાં રૂા.૫૧ હજારનું સમર્પણ

**ગામે ગામ રામમંદિર નિર્માણ માટે મળતો ઉમદા સહયોગ**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૦ સમગ્ર ભારત વર્ષના નાગરિકોને શ્રી રામ મંદિર નિર્માણ કાર્યમાં સહયોગ આપવા મંદિર નિર્માણ માટે ધન સહાયતા રાશિ એકત્રિત કરવા માટે હાકલ કરવામાં આવી છે ત્યારે રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામક ડૉ.મહેશકુમાર ઈશ્વરલાલ જોષી દ્વારા રામ મંદિરના નિર્માણમાં રૂા.૫૧ હજારનું સમર્પણ કરવામાં આવ્યું છે. તા.૧૫ જાન્યુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી સમર્પણ નીધી એકત્ર કરવાનું આયોજન હોવાથી ગામે ગામ પ્રજાજનોનો અમૂલ્ય સાહયોગ સોંપડી રહ્યો છે. રામ મંદિર નિર્માણ માટે નીધી એકત્ર કરવા જતા સ્વયં સેવકોને ગામે ગામ સામૈયું કરીને આવકારવામાં આવે છે અને



પ્રજા પોતાની યથાશક્તિ પ્રમાણે મંદિર નિર્માણ માટે ઉમદા સહયોગ મળી રહ્યો છે. રાજ્ય પ્રાથમિક શિક્ષણ નિયામકે રૂા.૫૧ હજારનું સમર્પણ આપતાં ઈડર તાલુકા રામ મંદિર નિર્માણ સહયોગ સમિતિએ જોષી પરિવારનો આભાર માન્યો હતો.

# ઈડરમાં ભાજપ કાર્યાલય પર ભરેલા ઉમેદવારી ફોર્મ ચકાસણી માટે ભીડ



ઈડર (બ્યુરો ઓફિસ) તા.૧૦ ભાજપ હાઈકમાન્ડે ૬૦ વર્ષથી ઉપરના કાર્યકરોને ટીકીટ નહીં આપવાનો નિર્ણય કરતાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીમાં અનેક ભાજપના આગેવાનોના પત્તા કપાયા છે ત્યારે ઈડરમાં ભાજપ કાર્યલય ઉપર બુધવારે ભરેલાં ઉમેવારી ફોર્મ ચકાસણી માટે ભીડ એકઠી થઈ હતી. તમામ મંડલના પ્રમુખ-મંત્રીઓએ હાઈકમાન્ડ સાથે બેઠક કર્યા પછી હરફ ઉચ્ચારવાનું બંધ કર્યું છે અને સંભવિત બળવાની દહેશતે ભાજપ દ્વારા ઈડર સહિત અન્ય તાલુકાઓમાં પણ બાયોડેટા આપેલ તમામ ઉમેદવારોને ઉમેદવારી ફોર્મ ભરવાની સૂચના આપી છે. જેના કારણે સૂચના મળતાં અનેક કાર્યકરો પોતાને ટીકીટ મળી છે તેવું માની લઈ પ્રચારમાં જોતરાયા છે.

જિલ્લાની કુલ-૬૬ જિલ્લા પંચાયત, ૩૦૦ તાલુકા પંચાયત અને ૧૨૦ નગરપાલિકાની બેઠક માટે તા.૨૮ ફેબ્રુઆરીએ ચૂંટણીનો મહાજંગ યોજાવવાનો છે ત્યારે ભાજપ દ્વારા કયા ઉમેદવારને મેદાનમાં ઉતારવા તે અંગે સ્થાનિક કક્ષાએથી નિરીક્ષકોએ આપેલી ઉમેદવારોની પેનલના આધારે લગભગ નામ ફાઈનલ કર્યા છે પરંતુ ભાજપે નક્કી કરેલા માપદંડ અનુસાર ૬૦ વર્ષથી ઉપરના કોઈપણ ઉમેદવારને ટીકીટ નહીં આપવાના નિર્ણયથી અનેક અડીખમ ભાજપના આગેવાનોની ટીકીટ ઉપર કાતર ફરી વળી છે. જેથી આગેવાન કાર્યકરો જાહેરમાં બળવો કરી પક્ષને નુકસાન પહોંચાડે તેવું જણાતાં ભાજપે બાયોડેટા આપેલ તમામ ઉમેદવારોને દાવેદારી નોંધાવવા સૂચના આપી છે. ઈડર તાલુકાની ૭ જિલ્લા પંચાયત, ૨૮ તાલુકા પંચાયત બેઠક માટે ભાજપે પોતાના ઉમેદવારોનાં ફોર્મ ઈડર ધારાસભ્યના કાર્યાલય ઉપર ખરાઈ કરવાની કામગીરી શરૂ કરતાં સવારથી કાર્યાલય ઉપર ઉમેદવારોના અને તેમના ટેકેદારોના ટોળા ઉમટ્યા હતા. જો કે કેટલાક કિસ્સાઓમાં સેન્સ આપી નથી તેવા ઉમેદવારો પણ ભાજપની ટીકીટ મેળવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

**બળવો થવાની બીકે બાયોડેટા આપનાર તમામને ઉમેદવારી ફોર્મ ભરવા સૂચના**

# વડગામ તા. પં. કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના ચેરમેન-વા. ચેરમેન બિનહરીફ

વડગામ, તા. ૧૦ વાર્ષિક અંદાજે ૯૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર કરતી વડગામ તાલુકા પંચાયત કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિમિટેડના સંચાલક મંડળની ચૂંટણી તાજેતરમાં ચૂંટણી અધિકારી વાલુભાઈ આર. ચૌધરીની અધ્યક્ષતામાં યોજાઇ હતી, જેમાં સંચાલક મંડળના તમામ ૧૫ ડિરેક્ટરો બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. ત્યારબાદ ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી કરવા યોજાયેલ નવીન બોર્ડની બેઠકમાં પણ ૫૬ માં



ચેરમેન- વાઈસ ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

બુધવાર સવારે મંડળીના સભાખંડમાં કાનજીભાઈ એમ. ચૌધરી (ડાલવાણા-પ્રાથમિક શાળા)ની અધ્યક્ષતામાં યોજાયેલ કારોબારી સમિતિની બેઠકમાં સંસ્થાના પ૬માં ચેરમેન વાઈસ ચેરમેનની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં ચેરમેન તરીકે વડગામ તાલુકા બી.આર.સી. કો-ઓર્ડીનેટર મહેન્દ્રસિંહ જે. બારડ તથા વાઈસ ચેરમેન તરીકે હરગોવનભાઈ એસ. પ્રજાપતિ (મેપડા પ્રાથમિક શાળા)ની વરણી કરવામાં આવી હોવાનું મેનેજર અભેરાજભાઈ ચૌધરીએ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત મંડળીના પૂર્વ ચેરમેન રતુભાઈ એમ. ગોળ, લક્ષ્મણભાઈ યુ. ચૌધરી ,ભીખાભાઈ એ. પુરબીયા, ભરતભાઈ પટેલ, બાબુલાલ ધુળીયા, વણસોલ સહિત તમામ સભાસદો, કર્મચારીઓ અને શુભેચ્છકોએ ફુલહાર કરી નવનિયુક્ત ચેરમેન-વાઈસ ચેરમેનનું અભિવાદન કર્યું હતું. પ્રથમ કારોબારી બેઠકનું સફળ સંચાલન ચૂંટણી અધિકારી વાલુભાઈ આર. ચૌધરી (સભાના અધ્યક્ષ), કાનજીભાઈ એમ. ચૌધરી અને મેનેજર અભેરાજભાઈ ચૌધરીએ કર્યું હતું.

# પ્રાંતિજ નગરપાલિકાના સફાઈ કામદારોને કોરોનાની રસી અપાઈ

**નગરપાલિકાના ચીફ ઓફિસર તથા નગરપાલિકાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા : ચીફ ઓફિસર દ્વારા નગરજનોને પણ પોતાનો નંબર આવે રસી લેવા અનુરોધ કર્યો : રસી બિલકુલ સુરક્ષિત છે બીવાની જરૂર નથી**

પ્રાંતિજ તા. ૧૦ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે નગરપાલિકાના જેટલા નગરપાલિકાના સફાઈ કામદારો એ આજે કોરોના ની રસી લીધી હતી તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર



નગરપાલિકાના કોર્પોરેટર મહેબુબભાઈ બલોચ , જતીનભાઈ જોશી, ગોપાલભાઈ પટેલ , યુસુફભાઈ વ્હોરા સહિત ઉપસ્થિત રહ્યા તો નગરપાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલા બેન સુમેસરા દ્વારા કોરોનાની રસી દરેક સફાઈ કામદારોએ લેવા અનુરોધ કર્યો હતો અને આ રસી બિલકુલ સુરક્ષિત છે અને કોઈપણ જાતની બીક વગર આ રસી લેવી જોઈએ અને ખોટી અફવાઓ પર ધ્યાન આપવું નહી અને કોઈપણ જાત નો ડર રસી ને લઈને રાખવો નહી

સફાઈ કામદારોને કોરોના ની રસી આપવામાં આવી હતી તો પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર ઉર્મિલા બેન સુમેસરા તથા નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા ઉપસ્થિત રહીને સફાઈ કામદારો ને પ્રોત્સાહિત કર્યા હતાં.

પ્રાંતિજ ખાતે આવેલ પ્રાથમિક સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે આજે વેકસીનેશન કાર્યક્રમ યોજાયો હતો જેમાં પ્રાંતિજ નગરપાલિકાના સફાઈ કામદારોને કોરોનાની વેકસીન આપવામાં આવી હતી જેમાં ૪૦



ઉર્મિલા બેન સુમેસરા તથા નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈકડીયા, આરોગ્ય અધિકારી સંજયભાઈ ચૌધરી, અને નગરજનોએ પણ પોતાનો નંબર આવે ત્યારે કોઈપણ જાત નો ડર રાખ્યા વગર કોરોના ની રસી લેવા અનુરોધ કર્યો હતો.

# હરિયાણાના રોહતક જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના સીઈઓ બનાસડેરીના દામા બાયો સીએનજી પ્લાન્ટની મુલાકાતે

બનાસકાંઠા, તા. ૧૦ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'ગોબરમાંથી ગોબરધન' મેળવવાના શબ્દોને હકીકતમાં બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીએ દામા ખાતે *BIO CNG* પ્લાન્ટ બનાવીને સાર્થક કરતા દેશના અલગ-અલગ રાજ્યોમાંથી સરકારી અને સહકારી ક્ષેત્રના તેમજ સંશોધન સાથે સંકળાયેલા તજજ્ઞો મુલાકાતે આવવા લાગ્યા છે. હરિયાણાના વિટા બ્રાન્ડ સાથે સંકળાયેલ રોહતક જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના સીઈઓ ચરણસિંહ અને તેમની ટીમે બનાસડેરીના દામા ખાતે આવેલા



પ્લાન્ટની મુલાકાત લીધી હતી. તેમણે ગોબરમાંથી બાયો સીએનજી મેળવવાના તેમજ બાકી વધતી સ્લરી માંથી ફોસ્ફરસ યુક્ત બનાસ ની બ્રાન્ડ ના સેન્દ્રીય ખાતર 'પ્રોમ' વિશે પણ જાણકારી મેળવી હતી. દૂધની સાથે નવીન વ્યવસાયો મધ પ્રોજેક્ટ, બટાકા પ્રોજેક્ટ, ટેક હોમ રાશન પ્લાન્ટ, ઓઈલ પ્લાન્ટ વિશેની જાણકારી મેળવીને ખેડૂતોની આવક ડબલ કરવાના બનાસડેરીના હકારાત્મક પ્રયાસોની પ્રશંસા કરી અને ચેરમેન શંકરભાઈ ચૌધરીના નેતૃત્વને શુભકામનાઓ પાઠવી.

# ધનસુરા ન્યાય મંદિર આગળ પીકઅપ સ્ટેન્ડ બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવા મોડાસાના ધારાસભ્ય સમક્ષ રજૂઆત

ધનસુરા તા. ૧૦ અરવલ્લી જિલ્લાના ધનસુરા પ્રિન્સીપલ સિવિલ જજ સિવિલ કોર્ટ આગળ ન્યાય મંદિર પીકઅપ સ્ટેન્ડ બનાવવા મોડાસા ધારાસભ્ય સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવેલ છે.

બાર એસોસીએશનના પ્રમુખ નિલેશ જોષીએ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સમક્ષ લેખિત રજૂઆત કરતા જણાવ્યું છે કે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી ધનસુરા સિવિલ કોર્ટ આગળ ન્યાયમંદિર પીકઅપ સ્ટેન્ડ બનાવવાની ખાસ જરૂર છે જો આ જગ્યાએ પીક અપ સ્ટેન્ડ બનાવવામાં આવે તો વકીલો અસીલો સ્ટાફ તેમજ શાળા કોલેજમાં આવતા વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ ગ્રામજનો સિનિયર સીટીઝનો માટે આ પીકઅપ સ્ટેન્ડ બને તો બસ ઉભી રહે અને બધાને સવલત મળી રહે તેમ હોવાથી અત્યારે ધારાસભ્યની ગ્રાન્ટ ફાળવવા વિનંતી કરી હતી.

**બાર એસોસીએશનના પ્રમુખ નિલેશ જોષીએ મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સમક્ષ લેખિત રજૂઆત કરી**

